**નવી સેવા હેઠળ પોલીસ કર્મચારીગણ તથા તેમના કુટુંબીજનો માટે કલ્યાણ પ્રવૃત્તિઓ હાથ ધરવા રૂા.૫ કરોડના ખર્ચને વહીવટી મંજૂરી આપવા બાબત.**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
હુકમ ક્રમાંકઃ બજટ/૧૦/૨૦૧૨/૧૩૧૫૯/ટ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૦૧/૧૦/૨૦૧૨.

**વંચાણે લીધાઃ–**
(૧) ગૃહ અને નાગરીક પુરવઠા વિભાગ, સચિવાલય, અમદાવાદનો તા.૧૭/૦૫/૧૯૬૩નો અંગ્રેજી ઠરાવ ક્રમાંકઃ એમઆઈએસ/૧૦૬૦/ સી/૨૦૫૦/સી.
(૨) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૦૭/૦૪/૧૯૮૦નો અંગ્રેજી ઠરાવ ક્રમાંકઃ પીડબલ્યુએફ/૧૦૭૭/એમ.ટી.
(૩) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૩૧/૦૧/૧૯૯૧નો અંગ્રેજી ઠરાવ ક્રમાંકઃ પીડબલ્યુએફ/૧૦૮૯/૩૬૬૧/ટ.

**પ્રસ્તાવનાઃ–**

રાજયના પોલીસ કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોના કલ્યાણ માટે વર્ષ ૧૯૬૩માં 'સેન્ટ્રલ પોલીસ વેલફેર ફંડ'ની રચના કરવામાં આવેલ છે. ત્યારબાદ 'ગુજરાત પોલીસ મેન્યુઅલ, ૧૯૭૫'ના વોલ્યુમ–૧ના નિયમઃ ૨૫૮થી કરવામાં આવેલ જોગવાઈ અન્વયે પોલીસ મેન્યુઅલના એપેન્ડીક્ષ–૨૩ના ભાગ–૧માં દર્શાવેલ નિયમોને આધિન, 'ગુજરાત પોલીસ મેન્યુઅલ, ૧૯૭૫'ના વોલ્યુમ–૧ના નિયમઃ ૨૫૭(૧)માં દર્શાવેલ વિવિધ કલ્યાણકારી પ્રવૃત્તિઓ દરેક જીલ્લા અને પોલીસ યુનિટોમાં હાથ ધરવામાં આવે છે. આ પ્રવૃત્તિઓમાં હાલ મુખ્યત્વે વિધવા સહાય, સ્વરોજગારી માટે સહાય, ઉચ્ચ શિક્ષણ માટે સહાય, કોમ્પ્યુટર–લેપટોપ માટેની સહાય, મરણોત્તર સહાય, સિલાઈ મશીન ખરીદવા લોન, તબીબી સારવાર માટે લોન વિગેરેનો સમાવેશ થાય છે.

**૨.** રાજયના પોલીસ તંત્રનું કુલ મહેકમ બળ ખૂબ બહોળું છે તેમજ પોલીસની કામગીરીનો પ્રકાર અને વ્યાપ જોતાં ઉકત કલ્યાણકારી પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવો આવશ્યક જણાતાં 'પોલીસ વેલફેર ફંડ' હેઠળ આવરી લેવાયેલ હાલની પ્રવૃત્તિઓ ઉપરાંત વધારાની કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરવા રૂા.૫ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા નાણા વિભાગ મારફત સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ હતી.

**ઠરાવઃ–**

વિભાગ ધ્વારા કરવામાં આવેલ ઉપર્યુકત દરખાસ્ત સંદર્ભે નાણા વિભાગના વખતો–વખતના પરામર્શમાં અને પુખ્ત વિચારણાના અંતે, નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩માં વિભાગ–૧ની નવી બાબત તરીકે, 'આયોજન' હેઠળ 'પોલીસ કર્મચારીગણ તથા તેમના કુટુંબીજનોના કલ્યાણ' માટે 'પ લીસ વેલફેર ફંડ'માં પોલીસ કર્મચારીઓ ધ્વારા

આપવામાં આવતો નિયત ફાળો અથવા રૂા.૫ કરોડ, એ બેમાંથી જે ઓછું હોય તેટલી રકમનો ખર્ચ કરવા માટે, નિમ્નદર્શીત શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે :–

| | |
|---|---|
| (૧) | ઉપર્યુક્ત રકમ મુંબઈ પોલીસ મેન્યુઅલના નિયમ:૨૫૮ નીચે રચવામાં આવેલ હાલના 'પોલીસ વેલફેર ફંડ'માં મર્જ કરવાની રહેશે. |
| (૨) | ઉપર આમુખ ક્રમાંક:(૩) સામે દર્શાવેલ તા.૩૧/૦૧/'૯૧ના ઠરાવથી રચવામાં આવેલ સમિતિ આથી રદ કરવામાં આવે છે અને તેના સ્થાને પોલીસ વેલફેર ફંડનું મોનિટરીગ હવે નિમ્નદર્શીત સમિતિ કરશે :–<br>(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય – **અધ્યક્ષ,**<br>(૨) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (વહીવટ) – **સભ્ય સચિવ,**<br>(૩) સચિવશ્રી (ગૃહ) – **સભ્ય** અને<br>(૪) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ – **સભ્ય.**<br>આ સમિતિ દર ત્રણ માસે મળી આખા ભંડોળની કામગીરીની સમીક્ષા કરશે. |
| (૩) | રાજય સરકારનો ફાળો 'મધ્યસ્થ પોલીસ વેલફેર ફંડ'માં જમા કરાવવાના રહેશે. |
| (૪) | રાજય સરકાર તરફથી આપવામાં આવતા ફાળાની 'મધ્યસ્થ પોલીસ વેલફેર ફંડ' અને 'જિલ્લા/યુનિટ વેલફેર ફંડ'ને ફાળવણી કરવા અંગેની રીત (FORMULA) અને પધ્ધતિ (MODALITY) ગૃહ વિભાગ ધ્વારા નકકી કરવાની રહેશે તથા આ માટે જરૂરી દરખાસ્ત વિભાગને મોકલી આપવાની રહેશે. |
| (૫) | ઉક્ત ફંડથી હાથ ધરવામાં આવનાર પ્રવૃત્તિઓની ગૃહ વિભાગ ધ્વારા સમીક્ષા અને આખરીકરણ કરવાનું રહેશે અને આ અંગેના દિશાસૂચનો (GUIDE LINES)ની સમીક્ષા, આખરીકરણ અને દેખરેખ–નિયંત્રણ (MONITORING) ઉપર ક્રમાંક:(૨) સામે દર્શાવેલ ઉચ્ચ કક્ષાની સમિતી ધ્વારા કરવાનું રહેશે. |
| (૬) | દરેક યુનિટના હિસાબોનું ઓડિટ અને હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓની સમીક્ષા વર્ષમાં ન્યૂનતમ એક વખત કરવાની રહેશે. દરેક નાણાકીય વર્ષ પૂર્ણ થયા બાદના છ માસમાં સંબંધિત વર્ષના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ ગૃહ વિભાગને રજૂ કરવાનો રહેશે. આ ઓડિટ પ્રતિષ્ઠિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પેઢી મારફત કરાવવાનું રહેશે. |

**૨.** આ અંગેનો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ના બજેટમાં 'અનુભાગ–૧, નવી બાબતો (આયોજન), માગણી ક્રમાંક:૪૩, મુખ્ય સદર:૨૦૫૫–પોલીસ, ગૌણ સદર:૧૧૩–પોલીસ કર્મચારીઓનું કલ્યાણ, પેટા સદર:૦૪–પોલીસ કર્મચારીગણ તથા તેઓના કુટુંબનું કલ્યાણ' સદર હેઠળની જોગવાઈમાંથી મેળવવાનો રહેશે તથા તે હેઠળ ઉધારવાનો રહેશે.

**૩.** આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઈલ પર સરકારશ્રીની તા.૦૫/૦૯/૨૦૧૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ભરત પટેલ )
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

**પ્રતિ,**

(૧) માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન. મંત્રીશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૩) માન. રા.ક. મંત્રીશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) માન. રા.ક. મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૫) મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૬) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૭) અગ્ર સચિવશ્રી (ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૯) સચિવશ્રી (ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૦) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
(૧૧) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
(૧૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ), અમદાવાદ / રાજકોટ.
(૧૩) અધિક પોલીસ મહાનિદેશક (વહીવટ), પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રીની કચેરી, પોલીસ ભવન, ગાંધીનગર.
(૧૪) નાણા સલાહકારશ્રી (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૫) નાયબ સચિવશ્રી (બજેટ/સંકલન),ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૧૬) ગૃહ વિભાગના નિયંત્રણ હેઠળના સર્વે વિભાગીય (રેન્જ) પોલીસ વડાશ્રીઓ.
(૧૭) પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર અને વડોદરા શહેર.
(૧૮) તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ.
(૧૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર અને અમદાવાદ.
(૨૦) રાજ્યના તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
(૨૧) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨૨) શાખા સિલેકટ ફાઈલ.
(૨૩) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.